# એબડોમીનલ(પેટની) એઓર્ટિક એન્યુરિઝમ માટે NHS સ્ક્રીનીંગ (AAA)

## તમારી વ્યક્તિગત માહિતીનો ઉપયોગ અમે કેવી રીતે કરીએ છીએ

## (ક્યારેક વ્યક્તિગત ડેટા કહેવાય છે)

એ સમજવું મહત્વપૂર્ણ છે કે અમે તમારી વ્યક્તિગત માહિતીનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ. આ કાર્ડ કૃપા કરી વાંચો અને તમને જો કોઇ પ્રશ્નો કે ચિંતાઓ હોય તો તરત જ અમને જણાવો.

તમે GP પાસે નોંધાયેલા હોવાને લીધે, ઇંગ્લેન્ડમાં NHS કાર્યક્રમના ભાગ સ્વરૂપ એબડોમીનલ એઓર્ટિક એન્યુરિઝમ (AAA) સ્ક્રીનીંગના તમે હકદાર છો. આમાં, જો અમારી પોલીસી બદલાય તો ભવિષ્યમાં વધારાના સ્ક્રીનીંગ માટે તમારો સંપર્ક ફરીથી કરવાનું સામેલ થઇ શકે છે. તમારી સંભાળના ભાગ રૂપે, અમે સ્ક્રીનીંગ કે તેના પછીની તપાસ અને સારવારમાં સામેલ થયેલા NHS સ્વાસ્થ્યસંભાળ વ્યાવસાયિકોને વિગતો આપી શકીએ છીએ.

સુરક્ષિત અને અસરદાર સ્ક્રીનીંગ સેવા આપવામાં અમારી મદદ કરવા, અમારા કમ્પ્યુટર સિસ્ટમ (રાષ્ટ્રીય AAA સ્ક્રીનીંગ સિસ્ટમ) માં અમે તમારા વિશે અને તમારી સ્ક્રીનીંગ ક્લિનિકની મુલાકાત વિશેની માહિતી રેકોર્ડ કરીએ છીએ. આ માહિતીમાં તમારા સ્વાસ્થ્ય વિશેના પ્રશ્નોના તમારા જવાબો, તમારી મહાધમનીની છબીઓ અને ક્લિનિકમાં અમે રેકોર્ડ કરેલા માપનો સમાવેશ થાય છે.

અમે:

1. તમારા વિશે અને તમારી સ્ક્રીનીંગ ક્લિનિકની મુલાકાત વિશેની માહિતી રાષ્ટ્રીય AAA સ્ક્રીનીંગ સિસ્ટમ પર સ્ટોર કરીશું અને રાખશું અને આ માહિતીનો ઉપયોગ અમને સુરક્ષિત અને અસરદાર સ્ક્રીનીંગ સેવા આપવામાં મદદ કરવા માટે કરીશું.
2. જો તમને AAA હોય એવું ખબર પડે તો નેશનલ વેસ્ક્યુલર રજિસ્ટ્રી (NVR) દ્વારા વેસ્ક્યુલર સર્જનને તમારી વ્યક્તિગત માહિતી આપશું. અમારે આવું કરવાની જરૂર છે જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે પુરુષોને જરૂર પડે તો સમયસર અને ઊંચી ગુણવત્તાવાળી સારવાર મળી શકે.
3. પુંછીશું કે તમે તમારી વ્યક્તિગત માહિતીનો ઉપયોગ અમને સંશોધનના હેતુઓ માટે કરવાની મંજૂરી આપશો.

જો તમે પ્રસ્તુત કરેલી સ્ક્રીનિંગ ન સ્વીકારો, તો અમે રેકોર્ડ રાખીશું જે બતાવશે કે અમે તમારો સંપર્ક કર્યો છે, અને તમે તમારા જીપીને જણાવી શકીએ કે તમારુ સ્ક્રીનિંગ કરવામાં આવ્યું નથી.

AAA સ્ક્રીનીંગની વધુ માહિતી માટે NHS.UK પર જુઓ: www.nhs.uk/aaa.

24 એપ્રિલ 2025ના અપડેટ થયેલ